eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 109
July 6, 2007

## સાંસ્કૃતિક વિભાગની અથાણાં, નાસ્તાંની વાનગી તથા સર્જનાત્મક કામગીરી બનાવવાની સ્પર્ધા



સુરત મહાનગર સેવાસદન દ્વારા આયોજીત અથાણાં, નાસ્તાંની વાનગી તથા સર્જનાત્મક કામગીરી બનાવવાની સ્પર્ધા કતારગામ કોમ્યુનીટી હોલ, વસ્તાદેવી રોડ, કતારગામ, સુરત ખાતે તા. ૨૮/૦૬/૦૭ ના રોજ યોજવામાં આવી હતી. આ ત્રણેય સ્પર્ધા મળી કુલ્લે ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનો આરંભ ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભાવોના હસ્તે નિર્ણાયકશ્રીઓની ઉપસ્થિતિમાં દીપપ્રાગટયથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજયી નીવડયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની સાફ સફાઈની કામગીરી

પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં. ૮ (ઉમરવાડા) માં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના ફા.પ્લોટ નં.૩૯ પૈકીમાં ખાડી મહોલ્લામાં ઝુપડા નં.૪૮ માં ૪૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં જુનું ઝુપડું દુર કરી તે જગ્યાએ દુકાન બનાવવાના હેતુથી ભોંયતળીયે ઈંટની દીવાલ લઈ ચણતરકામ કરવામાં આવેલ. જે ગેરકાયદેસર બાંધકામ બાબતે અત્રેથી બે થી ત્રણ વાર મૌખિક ચેતવણી આપવામાં આવેલ, જે આજ રોજ પૂર્વઝોન(વરાછા) ના શહેર વિકાસખાતાના સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે. સદર ઝુંપડાના કબજેદાર શ્રી ભીખુભાઈ ભુરાભાઈ ઓડ હોવાનું જાણવા મળેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન, સુરત મહાનગર સેવા સદનની કામગીરી

પશ્ચિમ ઝોન, રાંદેર વિસ્તારમાં તાજેતરમાં સુરતમાં થયેલ ભારે વરસાદને કારણે રાંદેર ગામતળમાં માંડવી ઓવારા નજીક આવેલ કવિ નર્મદ પ્રાથમિક શાળા ક્રમાંક–૧૫૬ ના મકાનમાં સવારે ૧૧.૦૦ કલાકે શાળાના બીજા માળે આવેલ એક વર્ગખંડમાં સ્લેબ સાથે પ્લાસ્ટરનો પોપડો ઉખડી જવા પામેલ. જેના કારણે આ વર્ગખંડમાં ધોરણ–૬માં અભ્યાસ કરતાં ત્રણ બાળકોને શારિરીક ઈજા થવા પામેલ. ઈજાગ્રસ્ત બાળકો (૧) ફૈઝલ અહમદ પટેલ (૨) મહંમદ અફઝલ પરિપ્સે અને (૩) રીનેશ શશીકાંત ટેલરને તાત્કાલિક શાળામાંથી રાંદેર અર્બન હેલ્થ સેન્ટર ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની સાંસ્કૃતિક કાર્યક્રમની માહિતી

સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણાવ્રત નિમિત્તે મહેંદી હરિફાઈ, ગોરમાગીત અને કેશગુંફન સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે. ગોરમાગીત તથા મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલી પ્રા.શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીનીઓ તથા મહેંદી અને કેશગુંફન સ્પર્ધામાં માધ્યમિક શાળા/કલોજોની ૧૫ થી ૨૦ વર્ષની વિદ્યાર્થીનીઓ અને શહેર વિસ્તારમાં રહેતી ૨૦ થી ૩૦ વર્ષની યુવતીઓ ભાગ લઈ શકશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોનના નવસારી બજાર વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૨ મિલ્કત નં. ૪૭૮૫ થી ૪૭૮૮ ગ્રાઉન્ડ ફલોર વત્તા એક માળ વાળી મિલ્કતનો દર્શનનો ભયજનક થયેલ પ્રોજેકશન વાળો કેટલોક ભાગ તુટી પડતાં બાકીનો ભયજનક પ્રોજેકશન વાળો ભાગ તથા પહેલા માળનો ભયજનક બિસ્માર ભાગ મકાન માલિક તથા ભાડુઆતના ઝઘડા હોવા છતાં ઉતારાવી કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.



વધુ માટે કલીક કરો >>>>>>

## એસ.જે.એસ.આર.વાય. યોજના હેઠળ કમિશનરશ્રીએ બેંકર્સ સાથે મીટીંગનું આયોજન

મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણાના સ્થાને યોજાયેલ બેંકર્સ મીટીંગમાં શહેરી ગરીબોને વ્યકિતગત લોન આપવાની સમીક્ષા બેઠકમાં તમામ બેંક મેનેજરશ્રીઓને આવકારતા જણાવ્યું કે ભારત સરકારની આ એસ.જે.એસ.આર.વાય. યોજનાનો મૂળભુત હેતુ સમાજના નબળા વર્ગના લોકો (શહેરી ગરીબો) પોતાની કુશળતાને અનુરૂપ ધંધો રોજગાર કરતા થાય અને તેના દ્વારા સમાજ ઉપયોગી કાર્યોમાં સામેલ થાય તે હેતુથી નાના – નાના ઉદ્યોગ માટે લોન આપવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# સાંસ્કૃતિક વિભાગની અથાણાં, નાસ્તાંની વાનગી તથા સર્જનાત્મક  કામગીરી બનાવવાની સ્પર્ધા



સુરત મહાનગર સેવાસદન દ્વારા આયોજીત અથાણાં, નાસ્તાંની વાનગી તથા સર્જનાત્મક  કામગીરી બનાવવાની સ્પર્ધા કતારગામ કોમ્યુનીટી હોલ, વસ્તાદેવી રોડ, કતારગામ, સુરત ખાતે તા. ૨૮/૦૬/૦૭ ના રોજ યોજવામાં આવી હતી. આ ત્રણેય સ્પર્ધા મળી કુલ્લે ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનો આરંભ ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા અન્ય મહાનુભાવોના હસ્તે નિર્ણાયકશ્રીઓની ઉપસ્થિતિમાં દીપપ્રાગટયથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજયી નીવડયા હતા.

| વિજેતા ક્રમ | અથાણા સ્પર્ધા | વાનગી સ્પર્ધા | સર્જનાત્મક કારીગરી | |
|---|---|---|---|---|
| | | | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
| પ્રથમ | પટેલ હીરાબેન એસ. | જાગૃતિબેન આર.ટાંક | સિધ્ધી ડી.પટેલ | પટેલ જશોદાબેન એમ |
| દ્વિતીય | મેઘના કર્મવીર દિક્ષીત | દક્ષાબેન ડી. શાહ | સેલર પ્રિતીબેન | સ્વીટી દક્ષેશ પરીખ |
| તૃતીય | અમી પ્રજેશ નિરીવાલા | ભાવના એચ. વકીલના | રેવાવાલા સ્નેહા આર. | પુષ્પાબેન કે.ટાંક |
| આશ્વાસન | — | — | બેદી જશદીપ આર. | કોમલ ગૌરાંગ દેસાઈ |

ઈનામ વિતરણ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુરત મહાનગર સેવા સદન નાગરિકોને પ્રાથમિક સુવિધા આપવાની સાથોસાથ પ્રસંગોને અનુરૂપ વિવિધ સ્પર્ધાઓ કરી કલા, રમત ગમત તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપે છે. અથાણાં, નાસ્તાંની વાનગી તથા સર્જનાત્મક કારીગરી સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તેમજ તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવાએ ઉપસ્થિત મહાનુભાવો તેમજ સ્પર્ધકોને પોતાનો કિંમતી સમય ફાળવી હાજર રહ્યા તે બદલ આભાર માની જણાવ્યું હતું કે, આગામી જુલાઈ માસમાં અલુણાવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાનાર છે. તેમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી હતી. સ્પર્ધા સ્થળે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.અકિરીશ્રીઓ, સ્પર્ધકશ્રીઓ તેમજ વાલીઓએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. નાસ્તા અને અથાણા સ્પર્ધાના નિર્ણાયક તરીકે સર્વશ્રી સ્નેહાબેન ઠક્કર, અનુરાધાબેન શાહ, વર્ષાબેન ઠક્કર અને સર્જનાત્મક કારીગરી સ્પર્ધાના નિર્ણાયક તરીકે દિવ્યેશભાઈ બાગડાવાળા, કાન્તીભાઈ કંથારીયાએ સેવા આપી હતી.

TOP

## પૂર્વઝોન (વરાછા)ની સાફ સફાઈની કામગીરી

પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં. ૮ (ઉમરવાડા) માં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના ફા.પ્લોટ નં.૩૯ પૈકીમાં ખાડી મહોલ્લામાં ઝુપડા નં.૪૮ માં ૪૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં જુનું ઝુપડું દુર કરી તે જગ્યાએ દુકાન બનાવવાના હેતુથી ભોંયતળીયે ઈંટની દીવાલ લઈ ચણતરકામ કરવામાં આવેલ. જે ગેરકાયદેસર બાંધકામ બાબતે અત્રેથી બે થી ત્રણ વાર મૌખિક ચેતવણી આપવામાં આવેલ, જે આજ રોજ પૂર્વઝોન(વરાછા) ના શહેર વિકાસખાતાના સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ છે. સદર ઝુંપડાના કબજેદાર શ્રી ભીખુભાઈ ભુરાભાઈ ઓડ હોવાનું જાણવા મળેલ છે.

## ઈંદીરાનગર,કાપોદ્રા ખાતે આવેલ ભરવાડ ફળીયામાં સાફ સફાઈ

કાપોદ્રાખાતે આવેલ ઈંદીરાનગર– ભરવાડ ફળીયામાં, પંચમુખી હનુમાનની પાછળ, માલધારી દ્વારા ડમ્પ કરવામાં આવેલ છાણ અને ખાતરના મોટા ઢગલા સ્થળ પર માલધારીઓ દ્વારા દુર કરવામાં આવેલ ન હતાં. જેના કારણે વરસાદ પાણીના કારણે છાણ વિગેરે રસ્તા પર આવવાથી ગંદકી મોટા પ્રમાણમાં ઉપસ્થિત થતાં આજરોજ બે લોડર, પાંચ–હાઈવા ટ્રક વડે કુલ–૫(પાંચ) ફેરા મારી આશરે કુલ–૨૫૦.૦૦ મે.ટન છાણનો જથ્થો ઉપાડી સરથાણા ખાતે આવેલ સુરત મહાનગર સેવાસદનના પ્રાણી સંગ્રહાલય ખાતે સ્ટોક કરવામાં આવેલ છે. જેનો વિવિધ બાગમાં ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવશે.

TOP

# પશ્ચિમ ઝોન, સુરત મહાનગર સેવા સદનની કામગીરી

પશ્ચિમ ઝોન, રાંદેર વિસ્તારમાં તાજેતરમાં સુરતમાં થયેલ ભારે વરસાદને કારણે રાંદેર ગામતળમાં માંડવી ઓવારા નજીક આવેલ કવિ નર્મદ પ્રાથમિક શાળા ક્રમાંક–૧૫૬ ના મકાનમાં સવારે ૧૧.૦૦ કલાકે શાળાના બીજા માળે આવેલ એક વર્ગખંડમાં સ્લેબ સાથે પ્લાસ્ટરનો પોપડો ઉખડી જવા પામેલ. જેના કારણે આ વર્ગખંડમાં ધોરણ–૬માં અભ્યાસ કરતાં ત્રણ બાળકોને શારિરીક ઈજા થવા પામેલ.

ઈજાગ્રસ્ત બાળકો (૧) ફૈઝલ અહમદ પટેલ (૨) મહંમદ અફઝલ પરિપ્સે અને (૩) રીનેશ શશીકાંત ટેલરને તાત્કાલિક શાળામાંથી રાંદેર અર્બન હેલ્થ સેન્ટર ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવેલ. જયાં પ્રાથમિક સારવાર આપી આ બાળકોને સુરત મહાનગર સેવાસદનની સ્મીમેર હોસ્પિટલમાં વધુ સારવાર અને ચેકીંગ અર્થે દાખલ કરવામાં આવેલ. શાળાના આચાર્યએ ઘટનાની જાણ કરતાં તુરંત જ ઝોનના કાર્યપાલક ઈજનેર, ઝોનલ ચીફ, આસી.કમિશનરશ્રીએ શાળાના અકસ્માત સ્થળની મુલાકાત લીધેલ અને શાળાની પરિસ્થિતિનો તાગ મેળવી શાળાના બીજા મજલાના ત્રણ વર્ગખંડોનો વપરાશ બંધ કરવા તથા રીપેર કરેલા બે વર્ગખંડોનો વપરાશ ચાલુ કરવા શાસનાધિકારીને સુચના આપેલ. વધુમાં મા.કમિશનરશ્રી દ્વારા તુરંત જ સ્મીમેર હોસ્પિટલ ખાતે પહોંચી ઈજાગ્રસ્ત બાળકોની પુછપરછ કરી હતી. અને તેમના કુટુંબીજનોને જરૂરી આશ્વાસન આપી મદદ માટે બાંહેધરી આપેલ.

આ શાળાને તાજેતરમાં જ સ્ટેબીલીટી ચેકીંગ માટેનું કામ રાંદેર ઝોન દ્વારા કન્સલ્ટન્ટશ્રી શાહ એસોસીએટસને સોંપવામાં આવેલ છે. જેના સ્ટેબીલીટી પરિણામના જુદા જુદા રીપોર્ટ અંગે કન્સલ્ટન્ટનો અભિપ્રાય આવ્યેથી શાળા રીપેરીંગ અંગે ઝોન દ્વારા તાકીદે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

TOP

# સાંસ્કૃતિક વિભાગની સાંસ્કૃતિક કાર્યક્રમની માહિતી

સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણાવ્રત નિમિત્તે મહેંદી હરિફાઈ, ગોરમાગીત અને કેશગુંફન સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે.

| સ્પર્ધા | તારીખ | વાર | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|---|
| મહેંદી | ૨૬/૦૭/૦૭ | ગુરૂવાર | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાલા બુનકી પ્રસુતિગૃહની સામે, રૂસ્તમપુરા સુરત. |
| ગોરમાગીત | ૩૦/૦૭/૦૭ | સોમવાર | ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોક બજાર, સુરત. |
| કેશગુંફન | ૩૧/૦૭/૦૭ | મંગળવાર | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાલા બુનકી પ્રસુતિગૃહની સામે, રૂસ્તમપુરા સુરત. |

ગોરમાગીત તથા મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલી પ્રા.શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીનીઓ તથા મહેંદી અને કેશગુંફન સ્પર્ધામાં માધ્યમિક શાળા/કલોજોની ૧૫ થી ૨૦ વર્ષની વિદ્યાર્થીનીઓ અને શહેર વિસ્તારમાં રહેતી ૨૦ થી ૩૦ વર્ષની યુવતીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધકોએ ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટી અથવા અન્ય પુરાવાની સર્ટીફાઈડ કોપી રજુ કરવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગર સેવાસદનની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત સાંસ્કૃતિક વિભાગમાંથી તથા દરેક ઝોનના સીટી સીવીક સેન્ટર ઉપરથી રજાના દિવસો સીવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતે તા.૧૫/૦૭/૦૭ સુધી સ્વીકારવામાં આવશે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી



સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોનના નવસારી બજાર વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૨ મિલ્કત નં. ૪૭૮૫ થી ૪૭૮૮ ગ્રાઉન્ડ ફલોર વત્તા એક માળ વાળી મિલ્કતનો દર્શનનો ભયજનક થયેલ પ્રોજેકશન વાળો કેટલોક ભાગ તુટી પડતાં બાકીનો ભયજનક પ્રોજેકશન વાળો ભાગ તથા પહેલા માળનો ભયજનક બિસ્માર ભાગ મકાન માલિક તથા ભાડુઆતના ઝઘડા હોવા છતાં ઉતારાવી કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

વધુમાં વોર્ડ નં. ૧૧ નોંધ નં.૫૧૦ થી ૫૫૩ વાળી મિલ્કતનો ઉત્તર તરફનો જૈન દેરાસર મંદિરની પહેલાં માળની દર્શનના ભાગની દિવાલ તુટી પડેલ. જે અંગે મંદિરના ટ્રસ્ટીઓને નોટીસ આપી બાકી રહેલ ભયજનક–જર્જરિત દિવાલનો ભાગ તેમજ લાકડાના ટેકા/પાટીયા સહિતનો ભાગ ઉતારવાની કાર્યવાહી કરાવવામાં આવેલ છે. તેમજ વોર્ડ નં. ૧૧ નોંધ નં.૨૦૩૩ ધંટાઓવારા દરિયા મહેલ ખાતે હયાત જૂનિ ભોયતળિયા વત્તા એક માળની મિલ્કતના મિલ્કતદારને બિસ્માર ભયજનક જર્જરિત ભાગ ઉતારવા નોટીસ બજાવેલ. જેના અનુંસંધાને મિલ્કતદાર પાસે મિલ્કતનો ભયજનક ભાગ ઉતારવાની કામગીરી કરાવવામાં આવી છે.

સદર કામગીરી આસી.કમિ.શ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## એસ.જે.એસ.આર.વાય. યોજના હેઠળ કમિશનરશ્રીએ બેંકર્સ સાથે મીટીંગનું આયોજન

મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણાના સ્થાને યોજાયેલ બેંકર્સ મીટીંગમાં શહેરી ગરીબોને વ્યકિતગત લોન આપવાની સમીક્ષા બેઠકમાં તમામ બેંક મેનેજરશ્રીઓને આવકારતા જણાવ્યું કે ભારત સરકારની આ એસ.જે.એસ.આર.વાય. યોજનાનો મૂળભુત હેતુ સમાજના નબળા વર્ગના લોકો (શહેરી ગરીબો) પોતાની કુશળતાને અનુરૂપ ધંધો રોજગાર કરતા થાય અને તેના દ્વારા સમાજ ઉપયોગી કાર્યોમાં સામેલ થાય તે હેતુથી નાના – નાના ઉદ્યોગ માટે લોન આપવામાં આવે છે. જેથી સુરત શહેરમાં રોજગારીનું ભારણ જે મોટા બે ઉદ્યોગો જેવા કે ટેક્ષટાઈલ અને ડાયમંડ ઉપર છે તે ઓછું કરી શકાય અને આ ઉદ્યોગોમાં અવારનવાર મંદી આવે છે. તેવા સમયે લોકોને રોજગારીની તકલીફ ઉભી થાય છે તેમાં રાહત મેળવી શકાય. ૪૦ લાખની સુરતની વસ્તીમાંથી ૧૫૦૦ લાભાર્થીઓમાં લક્ષ્યાંક સિધ્ધ કરવોએ કાંઈ મોટી સમસ્યા નથી. તેમજ બેંક મેનેજરશ્રીઓને લક્ષ્યાંક સિધ્ધિ માટે એકશન પ્લાન બનાવવા તેમજ બેંક/બ્રાંચ વાઈઝ ત્રિમાસિક મીટીંગ યોજવાનું સુચન કર્યું હતુ. અને બેંકો તરફથી નજીવા કારણોને લીધે અરજીઓ નામંજુર કરવામાં આવે છે તેને બદલે માનવીય અભિગમ અપનાવી સામાજીક જવાબદારી સમજી વધુમાં વધુ અરજીઓ મંજુર કરે એ માટે અપીલ કરી હતી.

વધુમાં એમણે જણાવ્યુ કે, બેંકોએ લોન મેળા યોજી પ્રચાર–પ્રસાર દ્વારા વધુને વધુ લોકો સુધી યોજનાની માહિતી પહોંચે અને વધુને વધુ લોકો યોજનાનો લાભ લઈ શકે એ માટેના આયોજન કરવા જણાવ્યું હતું. બેંકો પાસે જેટલી અરજીઓ પેન્ડીંગ છે તે પૈકી રૂા.૧૦૦૦૦/– સુધીના લાભાર્થીઓને ધિરાણ કરવામાં આવે તો તેની સામે ચૂકવવામાં આવતી સબસીડીની રકમ બાદ કરતા બેંકોને જોખમ માત્ર ૬૦% જેટલુ જ રહે છે. જો બેંક મેનેજરશ્રીઓ આ બાબતે હકારાત્મક અભિગમ ધરાવે તો આપણા સૌની કામગીરી દ્વારા સરકારશ્રીને લક્ષ્યાંક સિધ્ધ કરવામાં સરળતા રહે.

આસી.કમિશ્રી. સી.વાય.ભટ્ટે ગત વર્ષના પ્રોગ્રેસનો રીવ્યુ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ યોજનાનો મૂળભુત હેતુ બી.પી.એલ. કુટુંબ સ્વરોજગારી મેળવી સ્વનિર્ભર બને તે રહેલો છે. જયારે સરકાર તરફથી ૩૩.૩૩% સબસીડી આપવામાં આવતી હોય ત્યારે બેંકોને રીકવરી બાબતે રીસ્ક પ્રમાણમાં ઓછું રહે છે. જેમાં યુ.સી.ડી.ના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર તેમજ સ્લમમાં રચાયેલ સ્વૈચ્છિક સંસ્થા જેવા મહિલા મંડળોના આર.સી.વી.ઓ. દ્વારા રીકવરીની પ્રક્રિયામાં બેંકોને મદદરૂપ થતી રહી છે. યોજનાનો લક્ષ્યાંક સિધ્ધ કરવામાં તમામ બેંકોનો પુરતો સહયોગ મળી રહે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

આસી.લીડ ડિસ્ટ્રીકટ મેનેજરશ્રી વાણી(બેંક ઓફ બરોડા)એ સમીક્ષા બેઠકમાં તમામ બેંકના કો.ઓર્ડીનેટરશ્રીઓ તેમજ મેનેજરશ્રીઓને ગત વર્ષની જેમ ચાલુ નાણાંકીય વર્ષમાં પણ હકારાત્મક અભિગમથી સહકાર આપી લોન વિતરણ કરવા અંગે અનુરોધ કર્યો હતો. જેથી પેન્ડીંગ લોન સેંકશન અરજીઓ વચ્ચેનો ગાળો ઘટાડી શકાય. આમ, એસ.જે.એસ.આર.વાય. યોજનાનો લક્ષ્યાંક સિધ્ધ કરવામાં સરળતા રહે તેવી પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યુ હતું.

અંતમાં યુ.સી.ડી. ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશભાઈ વ્યાસે લીડ ડિસ્ટ્રીકટ મેનેજર, કો.ઓર્ડીનેટરશ્રીઓ તેમજ બેંક મેનેજરશ્રીઓનો આભાર માની મહાનગર સેવાસદન યુ.સી.ડી. સંચાલીત એસ.જે.એસ.આર.વાય. યોજનાની લક્ષ્યાંક સિધ્ધીમાં મદદરૂપ થવાની આશા સાથે સમીક્ષા બેઠક પૂર્ણ કવામાં આવી હતી.

TOP